# ટ્રેક નં. ૬૬ : કર્મ

✻ શું કર્મ આપણને હેરાન કરી શકે? સમજીએ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચામાંથી.

✻ માંગલિક :

✻ ભક્તિ : એ.... કર્મ બિચારે કૌન હૈ, ભૂલ મેરી અધિકાઈ,
એ....અગ્નિ સહે ઘનઘાતકો, લોહકી સંગતિ પાય.

પ્રશ્ન : અમારા ધર્મમાં કહે છે કર્મની થિયરી ગણિત કે જે તમારા કર્મ જ અમુક રીતે પૂરા થતાં જાય તેમ તમને આત્માની જોડે તમારું સંધાન થાય?

● ઉત્તર : કર્મ છે ને એ કર્મ તો માત્ર નિમિત્ત છે. કર્મને લઈને જીવ રખડે છે. (એમ નથી.) ૧.

✻ પ્રશ્ન : તો પછી આપણામાં એક ઘરની બે બહેનો છે એ પરણી હશે એક જ ઘરમાં ઉછરેલી છે તો કોઈ એક સાધારણ ઘરમાં જાય તો બીજી મોટા ઘરમાં જાય છે તો એ એના કર્મને અનુસરીને?

● ઉત્તર : એ કર્મને અનુસરીને, એ તો પુણ્યપાપનું અનુસારે. એ પુણ્યપાપનું કારણ છે. ૨.

✻ પ્રશ્ન : એવી રીતે આત્મામાં કર્મની ડિગ્રી પ્રમાણે કાંઈ ફરક હશે?

● ઉત્તર : બહારના સંયોગ મળવા ને એ બધા પુણ્યપાપનું કારણ છે. પણ અંદર આત્મા જે ફેરવવો ને ઈ પોતાના પુરુષાર્થથી થાય. ૩

✻ પ્રશ્ન : પુરુષાર્થ અને કર્મ. અમારામાં પુરુષાર્થ અને કર્મ બે લગભગ એક ગણી નાંખ્યા છે. તમારા કર્મ તમે કેવા બાંધો છે અને કેવા છોડો છો એની ઉપર તમારા આત્માનો આધાર છે?

● ઉત્તર : બહારના સંયોગ મળવા, પૈસા મળવા આ બધું મળવું, ઈ બધું મળવું એ પુણ્ય–પાપનું કારણ છે. પણ અંદરમાં જે રાગદ્વેષ થાય છે–સંકલ્પ વિકલ્પ–ઈ કર્મ જ કરાવતું (નથી). એમાં

કર્મ નિમિત્ત છે. જો રાગદ્વેષમાં જો કર્મ કરે એમ થાય તો પોતે પરાધીન થઈ ગયો. તો કોઈને આપણે એમ ન કહી શકાય કે તું રાગ કરમાં, તું દ્વેષ કરમાં. તો ઉપદેશ કેવી રીતે અપાય કે તું આ દોષો કરમાં, તું અહીંથી પાછો વળ, તું આ કરમાં, એમ કેમ કહેવાય છે? કે એ પોતે કરી શકે છે ને પાછો વળે છે. એટલે પુરુષાર્થમાં પોતે સ્વતંત્ર છે. એમાં પોતાના પરિણામો જે થાય છે એ પરિણામ ફેરવવામાં પોતે સ્વતંત્ર છે. એમાં કર્મ નિમિત્ત છે. પણ એ પરિણામ કેમ ફેરવવા એ પોતાના હાથની વાત છે. પણ બહારના જે ઉદય આવ્યા-શરીરમાં રોગ આવ્યો, કાંઈ અશાતા વેદની આવી, કાંઈ ધન મળે, ન મળે ઈ બધું, ઈ બધું પોતે ફેરવી નથી શકતો. કોઈને ધંધો સારો મળે, કોઈને ન મળે ઈ બધું પોતે કાંઈ ફેરવી નથી શકતો. પણ પોતાના ભાવને પોતે ફેરવી શકે છે. રાગદ્વેષ કેટલા કરવા ને કેમ કરવા? ઈ પોતે ફેરવી શકે છે. રાગદ્વેષને જેમ ફેરવી શકે છે. કે પોતે શાંતિ રાખવી. ગમે તેવા સંયોગ આવે તો આકુળતા ન કરવી. ખેદ ન કરવો, ઈ જેમ ફેરવી શકે એમ એ પોતે પોતાનો સ્વભાવ ઓળખવો, એનાથી (વિભાવ)થી છૂટું પડવું, આત્મામાં જાવું, ઈ બધું પોતે તે સ્વતંત્રપણે એને કરી શકે છે. ભાવ ફેરવી શકે છે. આ બહારનું નથી કરી શકતો. બહારનું બધું પુણ્યને આધીન છે. પણ આ રાગ દ્વેષ ફેરવીને અંતરમાં જાવું એ પોતે સ્વાધીન છે. જો રાગદ્વેષ ફેરવી ન શકે તો તો જીવ એકદમ પરાધીન થઈ ગયો. રાગ કર્મ કરાવે, દ્વેષ કર્મ કરાવે. હવે હું શું કરું? મારાથી કાંઈ બની ન શકે તો ઉપદેશ નકામો જાય. આચાર્યો એમ કહે છે કે 'તું રાગદ્વેષ કરમાં, તું વિકલ્પ કરમાં, તું શાંતિ રાખ' એ બધો ઉપદેશ વ્યર્થ છે. પોતે ફેરવી શકે છે. શાંતિ રાખી શકે છે. કર્મ જ જો કરાવતું હોય તો ઉપદેશ શેના માટે? માટે કર્મ પોતાના ભાવને નથી કરાવી શકતો. એ રાગદ્વેષમાં જોડાય છે પોતે, અને ફેરવે છે પોતે, એ પોતાના હાથની વાત છે. એ પોતે સ્વભાવ ઓળખવો, એનો પુરુષાર્થ કરવો, એ બધું સ્વતંત્ર છે એને માટે. ૪.

✻ પ્રશ્ન : કર્મના બંધન આત્માને એકપણ જાતના છે જ નહીં ?

● ઉત્તર : કર્મના બંધન તો છે. બંધન છે, એને કર્મના બંધન- આઠ જાતના કર્મ બંધાય છે જીવને, જ્ઞાનને રોકનારા, દર્શનને રોકનારા, મોહનીયને નિમિત્ત થાય. મોહમાં નિમિત્ત થાય, રોગ આવે, પૈસા મળે એવા આઠ જાતના કર્મો છે પણ એ ભાવ પોતાના ભાવને ન ફેરવે, પોતાના ભાવ જે રાગદ્વેષ થાય એમાં નિમિત્ત છે પણ ભાવ કરે છે પોતે, પુરુષાર્થથી ફેરવી શકે છે. એટલો સ્વતંત્ર છે જીવ એમાં. ૫.

✻ પ્રશ્ન : એટલે બને ત્યાં સુધી કર્મ બાંધવા ન જોઈએ એમ કહે છે એ વસ્તુ તો સાચી છે ?

● ઉત્તર : કર્મનું બંધન જ્યાં સુધી પોતે રાગ ને દ્વેષ ને કષાયો થાય છે ત્યાં સુધી કર્મનું બંધન ઊભું જ છે. ૬.

✻ પ્રશ્ન : એટલે આપણા આત્માને સાક્ષાત્ કરવામાં ટાઈમ લાગે ?

● ઉત્તર : વચ્ચે ટાઈમ લાગે. જ્યાં સુધી એમાં (રાગ-દ્વેષમાં) રોકાણો છે ત્યાં સુધી ટાઈમ લાગે! માટે જ ગુરુ અને આચાર્યો કહે છે કે 'તું પુરુષાર્થ કરીને તારા તરફ જા. તું એને ભેદજ્ઞાન કર; આ રાગ તે તારું સ્વરૂપ નથી. આ દ્વેષ તે તારું સ્વરૂપ નથી. તું એનાથી જુદો છો. તું જાણનારો છો, એનો જ્ઞાતા થઈ જા તું, તું સાક્ષી થઈ જા. એ તારું સ્વરૂપ નથી. તું પુરુષાર્થ કર' એટલે એના જે વિકલ્પો છે એ શાંત થાય છે. એનું ભેદજ્ઞાન કરીને આગળ (જઈ શકે છે.) (રાગ-દ્વેષ) હજી છૂટી નથી શકતા. પહેલા એનાથી ભેદજ્ઞાન કરે છે, સ્વભાવ ઓળખે છે કે 'આ મારો સ્વભાવ છે ને આ બધા કષાયો— ક્રોધ, માન, તે જુદા છે. હું એનાથી જુદો છું.' એમ ભેદજ્ઞાન કરે છે. પછી ધીરે ધીરે પુરુષાર્થ કરતો, એમાં લીનતા કરતો કરતો સ્વાનુભૂતિની ઊગ્રતા કરે છે. એટલે ધીરે ધીરે પહેલા તો એને સમ્યક્‌દર્શન થાય, પછી એની મુનિદશા આવે છે. સ્વાનુભૂતિ વધે

એટલે મુનિદશા આવે છે. ઘરબાર છોડી બસ એકલો આત્મામાં જ રહે છે. ક્ષણે ક્ષણે આત્માની સ્વાનુભૂતિમાં રહે છે. એમ કરતાં કરતાં એને કેવળજ્ઞાન થાય ત્યારે પૂર્ણતા થાય પછી બધા કર્મનો ક્ષય થઈ જાય. વીતરાગી દશા થાય છે. પણ હજી ગૃહસ્થાશ્રમની અંદર તો એને ભેદજ્ઞાન રહે છે કે 'આ જે કષાયો છે એ મારું સ્વરૂપ નથી. એનાથી જુદો હું ચૈતન્ય છું. હું અંતરમાં નિર્મળ સ્વભાવી શુદ્ધાત્મા છું' એમ કરીને પોતે પોતાનું જ્ઞાન કરીને તેના તરફ વળે છે. ૭.

✻ પ્રશ્ન : ક્ષયોપશમ સમ્યક્દર્શન હોય ત્યાં સુધી તો ઉપશમ કરે, ઉદીરણા થાય, ત્યાં સુધી તો તેને તો ઊભું રહેવાનું, વળી ઉદીરણા થાય, વળી ઉપશમ કરે, ઉદીરણા થાય, ઉપશમ કરે એવું હોય ?

● ઉત્તર : ઉપશમમાંથી ક્ષયોપશમ થાય નિયમથી. ઉપશમમાંથી ક્ષયોપશમ થાય કાં પલટી જાય. ૮.

✻ પ્રશ્ન : પહેલા ઉપશમની તો પછી ધારા લંબાયા કરવાની ?

● ઉત્તર : ઉપશમ સમ્યગ્દર્શન થયું પછી ક્ષયોપશમ થાય.૯

✻ પ્રશ્ન : એટલે ક્ષયોપશમની ધારા તો ચાલ્યા જ કરવાની. એટલે કે ઉપશમ થયો એટલે મેલ નીચે બેસી ગયો. પછી ક્ષય જેને કરવાનું છે એનો તો મેલ ઊંચો આવવાનો છે ? તો ક્ષય થવાનો ? આમ જ ઉપશમમાંથી સીધા ક્ષય થવાનો જ નહીં ?

● ઉત્તર : ભલે એને મેલે ઊંચો આવે ઈ તો સહજ એને ઉદય આવે છે ઈ એમાં જરીક જોડાય છે પણ એ તો વિકલ્પમાં આવે ત્યારે સવિકલ્પની અપેક્ષા છે. ઓલું તો નિર્વિકલ્પમાં એ ઉદયમાં જોડાય છે, એ જરા જોડાય છે. એમાંથી એને ક્ષાયિક થાય છે પછી. ક્ષયોપશમ તો ઘણો કાળ રહે છે. ક્ષયોપશમમાંથી ક્ષાયિક થાય, ક્ષય, ઉપશમ, ક્ષય, ઉપશમ એમ ન થયા કરે ઉપશમ તો અમુક થાય. બાકી ક્ષયોપશમ થાય. ઉપશમ સમ્યક્ કેટલી વાર થાય એનું કાંઈ પ્રમાણ આવે છે. ઉપશમ સમ્યક્ત્વ-તેમાં સાસાદન અને મિશ્ર તો

તદ્દન અંતર્મુહૂર્ત માટે છે ને ઉપશમ સમ્યક્‌દર્શન ગ્રહણ થાય. પછી ક્ષયોપશમ થાય. ૧૦.

✻ પ્રશ્ન : જ્ઞાની જ્યારે સત્તાના કર્મની ઉદીરણા કરીને કરીને એને ખપાવે તે સમયે ઉદીરણા વખતે ઉદીરણા થઈ જાય પાણીમાં ઉપર મેલ આવ્યો એને શું કહેવું?

● ઉત્તર : ઉપર આવે એ એનો ઉદય છે. ઉદય આવે છે. ૧૧.

✻ પ્રશ્ન : એટલે મિથ્યાત્વનો ઉદય?

● ઉત્તર : મિથ્યાત્વનો ઉદય નથી. એ એને જરીક મલિનતા છે સહેજ. મિથ્યાત્વ નથી. એકત્વબુદ્ધિ નથી થાતી. એકત્વબુદ્ધિ નથી. એને સમ્યક્ત્વ મોહનીય જરાક કહેવાય છે. પણ એ જરા સાવ પાણીની જેમ. એકદમ ઈ સમ્યક્ત્વ મોહનીય એને બંધ કરતી નથી એવું હોય છે. બહુ અલ્પ હોય છે. ઈ કેટલીક વાર તો તેને બુદ્ધિમાં પકડાતી પણ નથી. ઈ તો ભગવાન એને કહે છે કે એ તો ઉદયમાં આવે છે. પણ કોકને એ પકડાય અને કોઈવાર પકડાતું પણ નથી. એકદમ પાતળી હોય છે અને મલિન નથી થઈ જાતું, એને સમ્યક્ત્વ ટળી નથી જાતું. સમ્યક્ત્વ વયું નથી જાતું. એનું જરાક પાતળી પડી જાય છે. ઉદય આવીને ખરી જાય છે. ૧૨.

પ્રશ્ન : તે સમયે તો સમ્યક્‌ત્વ મલિન થાય?

● ઉત્તર : મલિનતા એવી નથી થતી કે એનું સમ્યક્ત્વ તૂટી જાય. (એવું નથી.) ૧૩.

✻ પ્રશ્ન : ઉદીરણાનો ભાવ આવ્યો હોય તો તે વખતે વધારે એમ (કર્મ છૂટતા જાય?)

● ઉત્તર : તે નથી કરી શકતો. તેને ઉદય-ઉદીરણા તરફ ધ્યાન નથી હોતું એ તો એકદમ પોતાની લીનતા, ભેદજ્ઞાનની ધારા ઉગ્ર થાય અને પોતાના સ્વરૂપની લીનતા વધી જાય એટલે એ એની મેળે જે સત્તામાં હોય, જે ઉદયમાં ન આવવાના હોય એવા ઉદય આવી આવીને ઉદીરણા થઈને છૂટતા જાય. એની મેળે છૂટતા જાય.

એના ઉપર એનું ધ્યાન નથી હોતું. ૧૪.

✻ પ્રશ્ન : ઉદીરણા પણ એની મેળે મેળે?

● ઉત્તર : એની મેળે ઉદીરણા થાતી જાય છે. પોતે જેમ જેમ પુરુષાર્થ કરતો જાય એમ એની મેળે ઉદીરણા થઈને છૂટતું જાય છે. એની મેળે કર્મની ઉદીરણા, પોતાનો પુરુષાર્થ કરે તો એની મેળે (કર્મ) ઉદીરણા થઈને છૂટતું જાય છે. ૧૫.

✻ પ્રશ્ન : 'ઝેરના ઉપયોગથી વૈદ્ય મરતો નથી. કર્મોદયથી જ્ઞાની બંધાતો નથી.' એ જ્ઞાની બંધાતો નથી એનું કારણ શું?

● ઉત્તર : ઝેરના ઉપયોગ વખતે વૈદ્ય મરતો નથી એમાં જે એને જે નુકશાન કરવાનું જે એને વૈદ્યના ઝેરમાંથી જે નુકશાન કરે એ કાઢી નાંખ્યું છે. એમ આત્મામાં પણ પોતે જે એકત્વ બુદ્ધિ તોડી નાખી છે ન્યારો ને ન્યારો જ રહે છે. બહારના કાર્યોમાં જોડાતાં છતાં, બહારમાં જોડાય છતાં પણ એ ન્યારો જ છે. વિકલ્પમાં આવે છતાં વિકલ્પથી ન્યારો જ રહે છે. માટે તે બંધાતો નથી. અંદર પોતે વર્તમાન જ ન્યારો રહે છે. પોતાની પરિણતિ એકત્વબુદ્ધિ થઈને વર્તમાન બંધાતી નથી. માટે એ બંધાતો જ નથી. એટલે દ્રવ્યકર્મ એવી રીતે નથી બંધાતો. પોતાની પરિણતિ જ બંધાતી નથી. પરિણતિ એકત્વરૂપે જોડાતી જ નથી. વર્તમાન ન્યારો ને ન્યારો રહે છે. વર્તમાન બંધાતો જ નથી. જે ઉદય આવે એનાથી ન્યારો ને ન્યારો રહે છે. છૂટો ને છૂટો રહે છે. દ્રવ્યદૃષ્ટિથી 'દ્રવ્ય જ્ઞાયક સ્વભાવ મારો જુદો જ છે. આ વિભાવ મારો સ્વભાવ નથી. આ શરીર તે હું નથી. બહારના કાર્યોથી, શરીરથી, બધાથી જુદો છું. શરીરથી, ને અંદર વિભાવ પરિણામથી પણ હું જુદો છું.' એમ ન્યારો ને ન્યારો રહે એટલે પોતે અંદરથી બંધાતો જ નથી. વિરક્ત રહે છે. ન્યારો રહે છે પણ કર્મથી બંધાતો નથી. દ્રવ્યકર્મ પણ નથી બંધાતા. વિભાવ કર્મ નથી બંધાતા. એટલે દ્રવ્યકર્મ નથી બંધાતા. અંદરથી ન્યારો ને ન્યારો છૂટો ને છૂટો પોતે રહે છે.

છૂટો અનાદિનો છે પણ પ્રગટ છૂટો થઈ ગયો છે. અલ્પ અસ્થિરતા થાય એને ગૌણ કરી નાંખે છે. એ અસ્થિરતા એવી જાતની છે કે હવે એ લાંબો ટાઈમ ટકવાની નથી. અંદરથી ન્યારો ને ન્યારો જુદો ને જુદો રહે છે. દરેક વખતે જાગતાં, સૂતાં, સપનામાં એ બધી વાર ન્યારો ને ન્યારો ને જ્ઞાયકને જ્ઞાયક જ રહે છે. એવી જ્ઞાન વૈરાગ્યની શક્તિ એને પ્રગટ થઈ છે. જ્ઞાન વૈરાગ્ય શક્તિ–જ્ઞાન વૈરાગ્યની એવી અદ્‌ભૂત શક્તિ પ્રગટ થઈ છે કે એને લેપ લાગતો જ નથી. અંતરમાં કોઈ એને એવી શક્તિ પ્રગટ થઈ છે. એકત્વબુદ્ધિ નથી એને. બધી રીતે છૂટો જ પડી ગયો છે એને આદરતો જ નથી. કોઈ રીતે આ વિભાવ આદરણીય નથી. આ સંસાર આદરણીય નથી. મન, વચન, કાય કોઈ રીતે આદરણીય નથી. બધી રીતે જ અંદરથી છૂટો જ પડી ગયો છે. દ્રવ્યદૃષ્ટિથી એની શ્રદ્ધામાંથી બધી રીતે છૂટો પડ્યો છે. માટે એ બંધાતો નથી. એવી એની પરિણતિ જ થઈ ગઈ છે. માત્ર વિકલ્પરૂપે નહીં કે નિર્ણય કરીને નિર્ણય પડ્યો રહે છે એમ નહીં, એની પરિણતિ ન્યારી રહે જ છે. પરિણતિ ન્યારી. એટલે એ નથી બંધાતો. એમ થાય છે કે આ તો કોઈ આદરણીય નથી. ક્યારે એવી વૈરાગ્યની એવી જાતની પરિણતિ ઉપડે કે આ બધું છૂટું ને મારા સ્વરૂપમાં લીન થઈ જાઉં અને પૂર્ણ લીન થઈ જાઉં? ક્યારે મુનિ થઈ જાઉં? ને ક્યારે બધું છૂટી જાય? એવી ભાવના એને વર્તે છે. ન્યારો રહે અને ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં સ્વાનુભૂતિમાં લીન થાય છે. બહાર આવે તો ન્યારો ને ન્યારો જ રહે છે. કારણ ઝાડના મૂળ કપાયા પછી ઝાડ પાંગરતું જ નથી. એનું મૂળીયું તૂટી ગયું છે. અજ્ઞાનીને આ તો બધું જ્યાં જાય ત્યાં એકત્વબુદ્ધિ, એની બુદ્ધિમાં નિર્ણય કર્યો હોય કે હું જુદો છું તો પણ એની પરિણતિમાં દરેક વખતે એકત્વબુદ્ધિ જ થઈ રહી છે. દરેક પરિણતિમાં એકત્વબુદ્ધિ થઈ છે. તેનાથી જુદો, એક ક્ષણે જુદો ભાસવો જોઈએ તે ક્ષણે જુદો ભાસતો નથી. વિચાર કરે કે 'હું જુદો છું. હું જુદો છું'

પણ જે ક્ષણે પરિણતિ થાય એ જ ક્ષણે એ જુદો રહેતો નથી અને જ્ઞાનીની પરિણતિ સહજ એવી છે કે જે ક્ષણે વિકલ્પ આવે તે જ ક્ષણે એ જુદો રહે છે. પછી એને વિચાર નથી કરવો પડતો કે 'આ હું જુદો છું. હું જુદો છું.' એમ વિચાર નથી. જે ક્ષણે વિકલ્પ આવે તે જ ક્ષણે એ જુદો રહે છે. શુભાશુભ પુરુષાર્થ પોતે ચૈતન્ય તરફ વળતો નથી. આ વિભાવ, કર્મ મારી વાહે (પાછળ) લાગ્યા છે. પણ કર્મ તોડીને પુરુષાર્થ કરવો એ. પોતાના હાથની વાત છે. ૧૬.

**✻ પ્રશ્ન : પૂજ્ય બહેનશ્રી, આપણે આત્મામાં લીન રહીએ તો કેટલા કર્મો ક્ષય થઈ જાય ?**

● ઉત્તર : હા! આત્મામાં લીન રહે તો, આત્માને ઓળખે તો કરોડો વર્ષના કર્મ બધાય ક્ષય થઈ જાય. ૧૭.

**✻ પ્રશ્ન : આત્મામાં લીન થતાં ૮૪ ના ચક્કરમાં જે ફરવું પડે તે બધું એક સાથે ટળી જાય ?**

● ઉત્તર : એ બધું ટળી જાય. એક આત્માને ઓળખે, આત્માની શ્રદ્ધા કરે, આત્મામાં લીન થાય તો બધું તૂટી જાય. એને તોડવા જવું ન પડે કે બહું ઝાઝું, એને બહારથી અપવાસ કરે ને ત્યાગ કરે ને બધું કરે તો કર્મો ખપે. એવું નથી. ૧૮.

**✻ પ્રશ્ન : લોકો કહે છે 'મેં આ કર્યા ને તે કર્યા ને કર્મ ખપાવ્યા' તે ખોટી માન્યતા ?**

● ઉત્તર : કર્મ એવી રીતે ખપતા નથી. કર્મ તો, અંદર આત્મામાં આત્મા પ્રગટે, તો કર્મ ખપે. એ માન્યતા વગર 'અજ્ઞાની જે કર્મ ખપાવે લાખ ક્રોડો ભવો વડે, તે જ્ઞાની એક શ્વાસ માત્રમાં ક્ષય કરે છે.' આત્માનું જ્ઞાન થાય એક શ્વાસો શ્વાસ, એટલી વારમાં એના કર્મો ક્ષય થઈ જાય ને લાખો ક્રોડ ભવ સુધી જે અજ્ઞાની કર્મો ખપાવી શકતા નથી, એ જ્ઞાની એક ક્ષણ માત્રમાં ખપાવી નાંખે છે. આત્માને સમજ્યા વગર કર્મ ખપતા નથી. વચ્ચે જે આત્માનું જ્ઞાન હોય ને એને ત્યાગ ને બધું હોય, પણ ઈ કર્મ ખપે એ આત્માનું જ્ઞાન સહિત

હોય તો. ઓલાને કર્મ ખપે પછી નવા બંધાતા જાય. નવા બાંધતો જાય છે. ખરી રીતે છૂટતા ય નથી. ત્યાગ કરે કર્મ ખરે ને બીજા બીજા બાંધતો જાય છે હારે હારે. અને માને કે મને આનાથી ધર્મ થાય છે તે ખોટી માન્યતા છે. એટલે કર્મ નવા નવા બાંધતો જાય છે. અને જ્ઞાનીને કર્મ ક્ષય એવી રીતે કે જે ક્ષય થયા એ થયા એ નવા બંધાતા જ નથી. માખણમાંથી પછી ઘી થાય ઈ ઘીનું માખણ ન થાય પાછું. એમ જે મોક્ષ અંદરથી વીતરાગ થઈ ગયો, સ્વાનુભૂતિમાં લીન થઈ ગયો, કેવળજ્ઞાન થઈ ગયો એ પાછું એનું માખણ ન થાય. ૧૯.

**✻ પ્રશ્ન : કર્મ ખપાવવા માંગીએ છીએ પણ ખપતા નથી. બંધાતા જ જાય છે. બંધાતા જ જાય છે, તો એને છેડો ક્યાં છે?**

● ઉત્તર : કર્મ બંધાતા જાય છે. એનું પોતાનું કારણ છે. પોતે એકત્વબુદ્ધિ કરીને રોકાણો છે. અંદર જે પોતે રાગ ને દ્વેષ એની સાથે એકત્વબુદ્ધિ કરી (તેથી કર્મ બંધાય છે.) કર્મને પોતે બાંધવા જાતો નથી. કર્મને પોતે છોડવા જાતો નથી પણ પોતે અંદર જે વિકલ્પની જાળમાં ફસાયેલો અંદરમાં એકત્વબુદ્ધિ કરીને અંદરથી પોતે છૂટ્ટો નથી પડતો. એટલે કર્મ છૂટતા નથી. પોતે અંદરથી વિકલ્પથી છૂટી જાય અને એનાથી હું ન્યારો છું. એમ પોતાના તત્ત્વને ગ્રહણ કરે તો પોતે જ છૂટે તો કર્મ છૂટી જાય. પોતે અંદરથી છૂટતો નથી એટલે કર્મ છૂટતા નથી. ૨૦.

**✻ પ્રશ્ન : કર્મો કેવી રીતે છૂટે?**

● ઉત્તર : પોતે અંદરથી છૂટવું જોઈએ કે 'હું તો આત્મા છું. હું તો ચૈતન્ય જાણનારો છું. આ શરીર હું નથી.' શરીર સાથે એકત્વ ભલે એને હજી એકદમ ન છૂટે, અંદરથી જ્ઞાન કરીને, વિચાર કરીને 'હું તો ચૈતન્ય જ્ઞાયક છું. આ હું શરીર જડ નથી. હું તો જાણનારો છું. આ રાગદ્વેષ મારું સ્વરૂપ નથી. હું તો જાણનારો, આનંદથી ભરેલો આત્મા છું.' એમ વારંવાર વિચાર કરી એનો સ્વભાવ ઓળખે, વારંવાર એનાથી નિર્લેપ રહેવાનો પ્રયત્ન કરે, એનાથી છૂટ્ટો

રહેવાનો પ્રયત્ન કરે. વારંવાર જો પોતે અંદરથી નિર્લેપ રહે અને છૂટ્ટો રહેવાનો પ્રયત્ન કરે તો કર્મથી પોતે છૂટ્ટો જ છે. પણ પોતે અંદર ફસાયેલો છે કે 'હું બંધાઈ ગયો જાણે, રાગદ્વેષ ને બધામાં, શરીર હું, શરીર તે હું ને હું તે શરીર' એવી એકત્વબુદ્ધિ થઈ ગઈ છે. 'આ જે જડ શરીર તે જ હું છું અને શરીર જ મારું સ્વરૂપ છે.' એવી એકત્વબુદ્ધિ અને આ વિકલ્પના ઝાડ થાય એ બધું હું જ છું. એનાથી હું કાંઈક જુદો છું. એવું જ્ઞાન કરે તો છૂટે. પોતે અંદરથી છૂટો પડે તો કર્મ છૂટી જાય. પોતે છૂટો નથી પડતો. (તેથી) કર્મ બંધાયા કરે. પોતે શરીર હું નથી. હું તો જાણનાર છું. અંદર વિચાર કરે તો એને ખ્યાલમાં આવે કે હું તો જાણનારો છું. હું તો છુટ્ટો જ છું. એમ છૂટ્ટાની પોતે ભાવના કરે, એનો પ્રયત્ન કરે તો છૂટાય. સ્વભાવથી છૂટ્ટો જ છે. પણ બંધાઈ ગયો એમ માની લીધું છે કે હું બંધાય ગયો છું. છૂટ્ટો પહેલા પ્રયત્ન કરીને છૂટ્ટો પડે, ભાવના કરીને, પણ દ્રવ્ય તો છૂટ્ટું જ છે. પણ પોતે એવી પરિણતિ કરે તો છૂટ્ટા રૂપે પોતે પરિણમન કરતો જાય તો છૂટી જ જાય પછી, કર્મ છૂટી જાય–ભવનો અભાવ થઈ જાય. છૂટી જાય અંદરથી. ૨૧.

સદ્‌ગુરુદેવનો જય હો.

ભગવતી માતનો જય હો.